# સૌરાષ્ટ્ર સહિત રાજકોટમાં ઝાકળવર્ષા: ઠંડી ફરી ઘટી ગઇ!

## અમરેલી ૧૩.૨, રાજકોટમાં ૧૪.૨ ડિગ્રી તાપમાન: ગરમ વસ્ત્રો અદ્રશ્ય


તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ,

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં આજે સવારથી ફરી ઉત્તર-પૂર્વને બદલે પશ્ચિમનાં પવનો શરૂ થતા હવામાં ભેજ મોટા ભાગનાં સ્થળોએ ૮૦ થી ૯૦ ટકા નોંધાતા અનેક સ્થળોએ વહેલી સવારથી ધુમ્મસ છવાયું હતું અને ઠંડીનાં પ્રમાણમાં પણ ઘટાડો થયો હતો. હજુ બે થી ત્રણ દિવસ સવારે ધુમ્મસ રહેવાની હવામાન વિભાગની આગાહી છે. રાજકોટમાં આજે સવારે હવામાં ભેજ ૮૧ ટકા સાથે ધુમ્મસ છવાયુ હતું અને તાપમાન ૧૪.૨ ડિગ્રી નોંધાયુ હતું. રાજકોટ ઉપરાંત અન્ય સ્થળોએ પણ વહેલી સવારમાં ધુમ્મસ છવાતા ખાસ કરીને હાઈવે ઉપર વાહન ચાલકોને મુશ્કેલી પડી હતી.

આજે સૌથી વધુ ઠંડી ૧૨.૬ ડિગ્રી સાથે નલિયામાં નોંધાઇ હતી. તેમજ વેરાવળમાં ૧૮, પોરબંદરમાં ૧૪.૨, ઓખામાં ૧૯.૮, અમદાવાદમાં ૧૪.૮, સુરતમાં ૧૫.૭, વડોદરામાં ૧૫, જયારે અમરેલી ખાતે ૧૩.૨, ભાવનગરમાં ૧૫.૬, ભુજમાં ૧૫.૭ તેમજ ડિસામાં ૧૩.૬, દીવમાં ૧૪.૭, દ્વારકામાં ૧૮.૫, ગાંધીનગરમાં ૧૪ અને કંડલામાં ૧૬.૫ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાવા પામ્યુ હતું.

વધુમાં સૌરાષ્ટ્રમાંથી મળતા અહેવાલો મુજબ જુનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે નોંધાયેલા તાપમાન મુજબ આજે સવારે મેકસીમમ તાપમાનનો પારો ૧૪.૬ ડિગ્રીએ ઉંચે પહોંચ્યો હતો. જયારે ૧૩.૮ ડિગ્રી નીચે તાપમાન નોંધાયુ હતું. જયારે ગીરનાર પર્વત ઉપર ૮.૮ ડિગ્રીએ પારો સ્થિર રહ્યો હતો. વાતાવરણમાં ભેજ ૮૨ ટકા અને પવનની ગતિ પ્રતિ કલાક ૨ કિ.મી. રહી હતી.

જયારે સુરેન્દ્રનગર જિલ્લા અને તેના તાલુકા મથકે આમ તો શિયાળો હોવા છતાં પણ જોઈએ તેવી ઠંડી હજુ સુધી પડી નથી પરંતુ આજે વહેલી સવારે ઝાકળ ધુમ્મસ ભર્યુ વાતાવરણ સુરેન્દ્રનગર જિલ્લા અને તેના તાલુકા મથકે જોવા મળ્યું હતું ત્યારે ધુમ્મસના કારણે સુરેન્દ્રનગર શહેર અને તેના જિલ્લાને તાલુકામાં હાઈવે ઉપર પણ વાહન ચાલકોને પોતાના વાહનો ધીમા ચલાવવાની ફરજિયાત પણે નોબત આવી હતી.

ધુમ્મસ વચ્ચે વહેલી સવારે ચાલવા જતા લોકો પણ ઘરે પરત ફરતા જણાવતા હતા કે આજે ઠંડીનો અહેસાસ જોવા મળ્યો છે અને જાહેર માર્ગો ઉપર ધુમ્મસ પર્યા વાતાવરણ અને ઝાકળ પણ રાત્રિના પડ્યું હોવાનું જોવા મળ્યું છે ત્યારે સુરેન્દ્રનગર જિલ્લાના ખારાઘોડાના રણમાં આજે વહેલી સવારે સૂર્યનારાયણના અનોખા પ્રકારના દર્શન થયા હતા જ્યાં આકાશમાં એનેરો નજારો પણ જોવા મળ્યો હતો.આ નજારા વચ્ચે પણ અગરિયાઓ કામ કરતા હોવાનું જાણવા મળી રહ્યું છે ત્યારે રણમાં પણ અનોખી પ્રકારનો નજારો અને ઠંડીનો ચમકારો જોવા મળ્યો હતો તેવું હાલમાં જાણવા મળી રહ્યું છે.

# રાજકોટ : થર્ટી ફર્સ્ટ પૂર્વે પોલીસનું ચેકિંગ; પીધેલા, છરી-દારૂ સાથે ૫૦ ઝડપાયા

## શહેરભરમાં પોલીસ એક્શન મોડમાં, દારૂ પી છાકટા વેળા કરનારની ખો ભૂલાવી દેવાશે, છેલ્લા બે દિવસ સઘન ચેકિંગ


તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ

થર્ટી ફર્સ્ટની ઉજવણી પૂર્વે રાજકોટ પોલીસ એક્શન મોડમાં આવી છે. શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તમામ મુખ્ય માર્ગો અને સંવેદનશીલ વિસ્તારોમાં રાત્રિ પેટ્રોલિંગ સખત કરી દેવામાં આવ્યું છે. તેમજ શહેરના મુખ્ય માર્ગો ઉપર થર્ટી ફર્સ્ટ પૂર્વે પોલીસે કરેલા ચેકિંગ દરમિયાન પોલીસે દારૂ પીધેલા, છરી રાખતા અને દારૂ સાથે કુલ ૫૦ થી વધુ શખસોની ધરપકડ કરી હતી. થર્ટી ફર્સ્ટમાં દારૂની પાર્ટીઓ કરવાની ફેશન બની ગઇ છે. તેમાંય વર્ષનો અંતિમ દિવસ હોય ત્યારે દારૂની પાર્ટીઓ થર્ટી ફર્સ્ટની ઉજવણી કઈ રીતે થઇ શકે ત્યારે શહેરમાં પોલીસ દ્વારા પણ દારૂ પી છાકટા વેળા કરનાર તત્વોની ખો ભુલાવી દેવા તૈયારી કરી છે.પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા અને અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડિયાની સુચનાથી ડીસીપી ઝોન-૧ હેતલ પટેલ,ડીસીપી ઝોન-૨ રાકેશ દેસાઈ,ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા સહિતના પોલીસ અધિકારીઓના નિરીક્ષણ હેઠળ શહેરમાં સાંજથી જ શહેરમાં ચૂસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. શહેરમાં કાલાવડ રોડ, યુનિવર્સીટી રોડ,ભક્તિનગર સર્કલ, સોરઠીયાવાડી, સંતકબીર રોડ,રેસકોર્ષ રીંગ રોડ,યાજ્ઞિક રોડ ત્રિકોણબાગ સહિતના અલગ-અલગ વિસ્તારોમાં સઘન પેટ્રોલીગ અને ચેકિંગ કરવામાં આવ્યું હતું.ખાસ કરીને ફોર વ્હીલ સહિતના વાહન ચાલકોને રોકી રોકીને બ્રેથ એનેલાઈઝરથી ચેકિંગ કર્યુ હતું. જેમાં અલગ અલગ સ્થળોએ પોલીસ મથકના પીઆઈ સહિતના સ્ટાફે ચેકિંગ કર્યું હતું જેમાં છેલ્લા ૨૪ કલાકમાં પોલીસે છરી સાથે ૧૭, દારૂ પીધેલી હાલતમાં નીકળેલા ૨૧ તેમજ દારૂ સાથે ૧૮ની ધરપકડ કરી હતી. હજુ પણ આજે થર્ટી ફસ્ટ પૂર્વે પોલીસનું સઘન ચેકિંગ ચાલુ રહેશે.

**મવડી પ્લોટમાં દારૂની મહેફીલ ઉપર પોલીસનો દરોડો, ૪ શખ્સો ઝડપાયા**

થર્ટી ફર્સ્ટની ઉજવણી કાયદાના દાયરામાં રહી થાય તે માટે પોલીસ દ્વારા ખાસ એક્શન પ્લાન તૈયાર કરાયો છે અને અલગ અલગ ટીમો દ્વારા વાહન ચેકીંગ હાથ ધરવામાં આવી રહ્યું છે.રાજકોટ શહેરના મવડી પ્લોટમાં વિશ્વનગર મેઈન રોડ પર ચંદ્રેશનગર શાક માર્કેટમાં દરોડો પાડી માલવીયાનગર પોલીસે દારૂની મહેફિલ માણતા ચાર શખ્સોને ઝડપી લઈ કાર્યવાહી કરી હતી. ધરપકડ કરાયેલામાં ડ્રાઈવિંગ કરતાં, અજય કિશોરભાઈ ચૌહાણ (ઉ.વ.૪૦, રહે. દેવનગર શેરી નં.૪, નાના મવા મે. રોડ), રિક્ષા ચાલક જયેશ રમેશભાઈ રાઠોડ (રહે. મેઘમાયાનગર, શેરી નં.૪, રાજનગર ચોક, નાના મવા મે. રોડ), મજુરી કામ કરતા મનીષ મહેશભાઈ ભોજાણી (ઉ.વ.૨૧, રહે. આંબેડકરનગર શેરી નં.૮, ૮૦ ફૂટ રોડ) અને નીખીલ બાબુભાઈ બથવાર (ઉ.વ.૨૩,રહે. ખોડીયારપરા, શેરી નં.૨, ૮૦ ફૂટ રોડ)નો સમાવેશ થાય છે. ચંદ્રેશનગર શાકમાર્કેટના પટ્ટમાં દારૂની મહેફિલ ચાલતી હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડતા ત્યાંથી દારૂની અડધી બોટલ, બાઈટિંગ મળી આવતા ચાર ફોન મળી કુલ રૂા.૪૫,૩૦૦ના મુદ્દામાલ સાથે ચારેયને ઝડપી લીધા હતા.આ કામગીરી માલવીયા પોલીસ મથકના એએસઆઈ કે.બી. શેખલીયા અને જયદીપસિંહ ભટ્ટી સહિતના સ્ટાફે કરી હતી.

# રાજકોટમાં વૃધ્ધ પર સાઢુનો હુમલો : કોરોનાની સારવાર માટે ઉછીના આપેલા ૭ લાખ માગતા છરી પાઈપથી ઇજાપહોંચાડી

## બગસરા રહેતાં સાઢું સહિતનાએ રાજકોટ આવી પૈસા પાછા ન આપી ઉલ્ટાનો હુમલો કર્યો

રાજકોટ,

રાજકોટ શહેરમાં એક વૃધ્ધે કોરોનાની સારવાર માટે ઉછીના આપેલા રૂ. ૭ લાખ પરત માંગતા બગસરા રહેતાં તેના સાઢું સહિતનાએ રાજકોટ આવી પૈસા પાછા ન દઈ ઉલટાનું ચેક રિટર્નના કેસ પાછા ખેંચવા માટે માથાકુટ કરી હુમલો કર્યો હતો.

આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે રાજકોટ સાધુ વાસવાણી રોડ પર આરએમસી આવાસ યોજના કવાર્ટર નં. ૧૨૧૯માં રહેતાં અને નિવૃત જીવન જીવતાં રાજુભાઈ મેઘજીભાઈ ગોરી (ઉ.વ.૬૯)ની ફરિયાદ પરથી બગસરા ગામે નવીનનગર લાતી બજારમાં રેહતાં તેમના સાઢુભાઈ હરેશભાઈ છગનભાઈ વાઘેલા, સાઢુના દિકરા સુનિલ હરેશભાઈ વાઘેલા અને સાળી મધુબેન હરેશભાઈ વાઘેલા વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો છે.રાજુભાઈ ગોરીએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે વર્ષ ૨૦૨૦-સમાં તેમના સાઢુભાઈ હરેશભાઈ છગનભાઈ વાઘેલા (રહે, બગસરા)ને કોરોનાની બીમારીની સારવાર માટે કટકે-કટકે રૂ. ૭ લાખ હાથ ઉછીના આપ્યા હતા. આ રકમ સામે હરેશભાઈએ સિકયુરિટી પેટે ત્રણ ચેક આપ્યા હતા. લાંબો સમય વીતવા છતાં રકમ પરત ન મળતા રાજાભાઈએ ચેક બેંકમાં નાખતા તે રિટર્ન થયા હતા. આ બાબતે રાજકોટ કોર્ટમાં કેસ કરવામાં આવ્યો હતો. જેમાં એક કેસમાં હરેશભાઈને સજા પણ ફટકારવામાં આવી છે. આ વાતનો ખાર રાખી ૨૪મીના રોજ વહેલી સવારે પાંચ વાગ્યે હરેશભાઈ વાઘેલા, તેમના પત્નિ મધુબેન અને પુત્ર સુનીલ રાજુભાઈના ઘરે ધસી આવ્યા હતા.ત્રણેયએ રાજુભાઈ પર ચેક રિટર્નના કેસ પાછા ખેંચવા દબાણ કર્યું હતું. રાજુભાઈએ પોતાની મરણમૂડી પરત માંગતા આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળાગાળી કરી હતી. આરોપીઓ પોતાની સાથે છરી, પાઈપ અને ધોકો લાવ્યા હતા, જેના વડે રાજુભાઈને માથા અને શરીરના ભાગે મુંઢ માર માર્યો હતો. વચ્ચે છોડાવવા પડેલા તેમના સાળી કવિતાબેન પર પણ હુમલો કરવામાં આવ્યો હતો. હુમલો કર્યા બાદ આરોપીઓએ ધમકી આપી હતી કે જો કેસ પાછો નહી ખેંચો તો જાનથી મારી નાખીશું. ઈજાગ્રસ્ત રાજુભાઈને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા યુનિવર્સિટી પોલીસે ફરિયાદ આધારે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

# રાજકોટ ભગતસિંહ ગાર્ડન પાસે કવાર્ટરમાં કુખ્યાત શખ્સ સહિત બે શખ્સોની છરી સાથે ધમાલ

## સમાધાન કરાવવાનું કહી કારમાં ધસી આવી યુવાનના ઘરના ડેલા પર છરીના ઘા ઝીંકયા

રાજકોટ,

રાજકોટ શહેરના યુનિવર્સિટી રોડ પર ભગતસિંહ ગાર્ડન પાસે કવાર્ટરમાં કુખ્યાત ઉમંગ પટેલ સહિત બે શખ્સોએ કારમાં ધસી આવી યુવાનના ઘરના ડેલા પર છરીના ઘા ઝીકી ધમાલ મચાવી હતી. બાદમાં ફરી બીજીવાર આવી છરી વડે હુમલો કરી સમાધાન નહીં કરાવ તો જાનથી મારી નાંખશું તેવી ધમકી આપી હતી. આ અંગે પોલીસે બંને શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગત મુજબ રાજકોટના ભગતસિંહ ગાર્ડન પાછળ ત્રણ માળીયા કવાર્ટરમાં રહેતા નીશાબેન ડેનીશભાઈ દેસાણી (ઉ.વ.૨૬)એ યુનિ. પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ઉમંગ પટેલ અને રાજ પટેલના નામ આપ્યા છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ ગઇકાલે રાત્રે પોણા ત્રણ વાગ્યાના અરસામાં તેઓ ઘરે સુતા હતા ત્યારે ઘર બહાર કાળા કલરની નંબર પ્લેટ વગરની એન્ડોવર કાર આવેલી જેમાં પ્રેસનું બોર્ડ લગાવેલ હતું. જે ગાડીમાં ઉમંગ પટેલ અને રાજ પટેલ હોય જેઓએ ફરિયાદીના પતિને કહેલુ કે, તું અમાર અને જયેશભાઇ વચ્ચે સમાધાન કરાવી આપ તે બાબતે માથાકૂટ થયેલી અને તેઓએ દરવાજો ન ખોલતા બંનેએ ઉશ્કેરાઇ જઇ રાજે પોતાની પાસે રહેલી છરી કાઢી દરવાજામાં છરીના ઘા ઝીકીયા હતા અને બારીમાં લાગેલી મચ્છરની જાળી તોડી નાખી હતી નુકસાન કરી દરવાજા ઉપર ઈટના ઘા ફટકારી નાશી છુટ્યા હતા. બાદમાં એકાદ કલાક બાદ ફરી ધસી આવ્યા હતા અને ફરિયાદી અને તેના પતિ ઘર બહાર હોય બંને આરોપીઓ છરી વડે પતિ ઉપર હુમલો કરતા ફરિયાદી પતિને બચાવવા વચ્ચે પડતા તેને હાથમાં છરીનો છરકો પડી ગયો હતો. બાદમાં આરોપીઓએ ઝપાઝપી કરી તેના પતિને ‘જો તું સમાધાન નહીં કરાવ તો તને જાનથી મારી નાખીશુ’ તેવી ધમકી આપી બંને નાશી છુટ્યા હતા. બંને આરોપીને જયેશભાઇ સાથે માથાકૂટ થઇ હતી અને જયેશભાઇ ફરિયાદીના પતિના મિત્ર હોવાથી આરોપીઓ તેમને જયશેભાઇ સાથે સમાધાન કરાવવાનું કહેતા હતા.આ અંગે યુનિ. પોલીસે બંને આરોપી વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે, આરોપી ઉમંગ પટેલ કુખ્યાત આરોપી છે. તેના વિરૂધ્ધ અગાઉ મારામારી, ધમકી, પ્રોહિબિશન સહિતના અનેક ગુના પોલીસ ચોપડે નોંધાયેલા છે.

# રાજકોટમાં મુકબધીર સગીરાને બ્લેકમેઇલ કરી ૭.૭૦ લાખ પડાવી લેનાર આરોપી પકડાયો

રાજકોટ,

રાજકોટમાં મુકબધીર તરૂણીને ફસાવી યુવક સાથે ફોટો પાડી તેને વાયરલ કરવાની ધમકી આપી બ્લેકમેઈલિંગ કરી રૂ.૭.૭૦ લાખ પડાવી લેવાના બનાવમાં ભક્તિનગર પોલીસે એક સગીરા અને એક યુવક ઋત્વીક સામે ગુનો નોંધી ધરપકડ કરી હતી. વધુ એક શખસ સમીર ઉર્ફ નવાઝની સંડોવણી ખુલતાં તેને પણ પકડી લીધો છે. આ નવાઝે જ મુકબધીર સગીરા સાથે ઋત્વીકની ઓળખાણ કરાવી હતી.

આ ગુનામાં પોલીસે ત્રણ આરોપીઓમાંથી ઋત્વીક રાજેશભાઇ રાજાણી (ઉ.વ.૨૦, રહે. દામજી મેપા પ્લોટ-૨,સહકારનગર મેઈન રોડ) અને સમીર ઉર્ફે નવાઝ રહીમ દોઢીયા (ઉ.વ.૧૯, રહે. ખોડિયારનગર-૧, ગોંડલ ચોકડી પાસે)ની ધરપકડ કરી છે.

ભોગ બનનાર તરૂણીની માતાએ પોલીસને જણાવ્યું કે તેના ઘરે લગ્ન પ્રસંગ હતો. જેથી જેઠના પુત્રએ રૂા. ૭.૭૦ લાખ દાગીના ખરીદવા માટે આપ્યાહ હતા. રકમ સેટીમાં પુત્રએ આ રકમ પરત માંગતા સેટીમાં જોયું તો રકમ મળી ન હતી. સેટીમાં રકમ મુકી ત્યારે મુકબધીર પુત્રી હાજર હતી. લગ્નપ્રસંગ પુરો થયા બાદ મૂકબધીર પુત્રીએ સાંકેતિક ભાષામાં કહ્યું કે પાડોશી તરૂણી અને તેનો મિત્ર ઋત્વિક તેને ઘર નજીક આવેલા બગીચામાં લઈ ગયા હતા. જયાં પાડોશી તરૂણીએ ઋત્વિક સાથે તેનો ફોટો પાડયો હતો. ઋત્વિકે તે વખતે તેના શરીર સાથે અડપલા પણ કર્યા હતા.એટલું જ નહીં આ હકિકત કોઈને કહીશ તો ફોટો વાયરલ કરવાની ધમકી આપી હતી. સાથો-સાથ કટકે-કટકે રૂા.૭.૭૦ લાખ પડાવી લીધા હતા. આ વાત સાંભળી ચોંકી ઉઠેલા ભોગ બનનાર તરૂણીના વાલીઓએ પોલીસ ફરિયાદ કરવાનો નિર્ણય લીધો હતો.ગઈકાલે ભક્તિ.નગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે ઋત્વિકની ધરપકડ બાદ સમીરની પણ ધરપકડ કરી છે.

# રાજકોટમાં વધુ એક બંગાળી કારીગર બે સોની વેપારીના ૬૦.૯૮ લાખના સોના સાથે નાસી ગયો

## બોર બનાવવા આપેલ ૨૩૫.૫૦૦ ગ્રામ સોનુ લઇ ગયા બાદ પાછો જ ન આવ્યો: ગુનો દાખલ

રાજકોટ,

રાજકોટ લક્ષ્મીવાડી મેઈન રોડ પર શેરી નં. ૧૪/૩ના ખુણે વૃજધામ ખાતે રહેતાં જીતેશભાઇ શાંતીલાલ રાણપરા-સોની (ઉ.વ.૪૫)ની ફરિયાદ પરથી મુળ બંગાળના હુગલીના લાલદીધીર ધાર પુરબપરાના વતની શેખ બાદસા વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે.

જીતેશભાઇ રાણપરાએ જણાવ્યું છે કે હું પરીવાર સાથે રહું છું અને સોનીબજાર બોઘાણી શેરી રાઘવ કુંજ કોમપ્લેક્ષ બીજા માળે દુકાન નં-૨૦૧માં દુકાન ધરાવુ છું. અહિ હું કારીગરો દ્વારા સોનાના ઘરેણા બનાવવાનુ કામ કરૂ છુ અને મારે ત્યાં છ જેટલા માણસો કામ કરે છે. જેમાં છે શેખ બાદસા નામના કારીગરને હું કમીશન ઉપર સોનાના દાગીના બનાવવા માટે આપતો હતો. આ ઉપરાંત તે અન્યના વેપારીના પણ કમીશન ઉપર દાગીના બનાવવાનુ કામ કરતો હતો. મારી દુકાનમાં મારી સાથે છ જેટલા કારીગરો કામ કરે છે. જે પૈકી એક કારીગર શેખ બાદસા રહે-લાલદિધીર ધાર પુરબપરા ચંદનનગર જી.હુગલી (પમિ બંગાળ)નો વતની છે અને તે એકાદ વર્ષથી કામ કરતો હતો. આ કારીગર મારા તથા અન્ય કોઇ વેપારી તેમને સોનુ કામે આપે તેમના બદલામાં તે સોનાના દાગીના કમીશનથી બનાવી અને પરત આપતો હતો. આ શેખ બાદસાને મે ગઇ ૫/૧૦ના રોજ ૨૩૫.૫૦૦ ગ્રામ ૨૨ કેરેટ સોનુ સોનાના બોર બનાવવા માટે આપેલ હતુ અને તે મને આ બોર બનાવી અને પાંચેક દિવસ બાદ આ શેખ બાદસા મને બોર બનાવી અને કમીશન લઇ અને પરત આપી દેશે તેવી ખાત્રી આપી હતી. ત્યારબાદ પાંચેક દિવસ બાદ આ શેખ બાદસા દુકાન પર સોનાના દાગીના બનાવી અને પરત આપવા આવેલ ન હોઇ જેથી મેં તેને ફોન કરતાં તેણે હુ સવારે દુકાને આવુ છુ તેમ કહિ અને ફોન કટ કરી નાખેલ હતો.જો કે ત્યારબાદ સવારે આ શેખ બાદસા મારી દુકાને દાગીના પરત કરવા આવેલ ન હોઇ જેથી મેં ફરીથી ફોન કરતાં ફોન બંધ આવતો હતો. જેથી હું શેખ બાદસાના ઘરે તપાસ કરવા જતા તાળુ જોવા મળ્યું હતું. જેથી અમોએ આજુબાજુમા તપાસ કરતા અમોને જાણવા મળેલ કે તે તેના વતનમા જતો રહ્યો છે. ત્યારબાદ મેં વધુ તપાસ કરતાં જાણવા મળેલ કે અમારી દુકાન ઉપર આવેલ દુકાન નં-૩૦૫માં સોનાનુ કામ કરતા નાજીમુદિન શેખ કે જેઓનુ ૨૩૮ ગ્રામ ૨૨ કેરેટનુ સોનુ પણ આ શેખ બાદસાને કમીશનથી દાગીના બનાવવા માટે લઇ ગયેલ છે જે સોનુ પણ આ શેખ બાદસા લઇ અને જતો રહેલ છે. આમ આ કારીગર મારુ અને નાાજીમુદ્દીન શેખ બંનેનું ૨૨ કેરેટનુ વજન ૪૭૩.૫ ગ્રામ વાળુ જેની કિંમત આશરે રૂપિયા ૬૦,૯૮,૬૮૦ જેટલી થાય તે સોનાના દાગીના કમીશનથી બનાવવાના નામે લઇ જઇ વતનમાં ભાગી ગયો છે. શોધખોળ કરવા છતાં મળતો ન હોઇ અંતે અમે બંનેએ પોલીસને જાણ કરી હતી.આ અંગે પીઆઇ બી.વી. બોરીસાગરની રાહબરીમાં પીએસઆઇ એસ. આર. ચાવડાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# રાજકોટ મ્યુનિ. કમિશનરની ચેમ્બરમાં તોડફોડના કેસમાં કોંગી નેતાઓનો નિર્દોષ છુટકારો

રાજકોટ,

રાજકોટમાં ૧૮ વર્ષ પહેલા મહાનગરપાલિકામાં પાણી પ્રશ્ને રજૂઆત કરવા ગયેલા કોંગીજનોના ટોળાએ તત્કાલીન મ્યુ.કમિશનર મુકેશકુમારની ચેમ્બરમાં બઘડાટી બોલાવી તોડફોડ કરી ફરજમાં રૂકાવટ કરવાના કેસમાં રાજકોટ એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટે ઈન્દ્રનીલ રાજ્યગુરુ, જશવંતસિંહ ભટ્ટી સહિત ૯ આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કર્યો હતો. નીચેની કોર્ટના હુકમ સામે સરકાર દ્વારા સેશન્સ કોર્ટમાં અપીલ દાખલ કરવામાં આવી હતી. જે અપીલ ચાલી જતા સેશન્સ કોર્ટે સરકાર પક્ષે કરવામાં આવેલી અપીલ રદ કરી નીચેની કોર્ટનો હુકમ યથાવત રાખતો આદેશ કર્યો છે.આ કેસની હકીકત મુજબ વર્ષ-૨૦૦૪માં રાજકોટ મ્યુ.કમિશનર મુકેશકુમારને પાણી પ્રશ્ને શહેર કોંગ્રેસના આગેવાનો અને નગરસેવકો રજૂઆત કરવા ગયા હતા. ત્યારે વાતાવરણ ઉગ્ર બનતા કમિશનરની ચેમ્બરમાં તોડફોડ કરી, કમિશનરના ચશ્મા તોડી, સરકારી કાગળો ફાડી નાખી નુકશાન કરી તેમજ ફરજમાં રૂકાવટ કર્યાની એ. ડિવિઝન પોલીસ મથકમાં વિજિલન્સ શાખાના પી.આઈ. જાડેજાએ ફરીયાદ નોંધાવી હતી.

# માંગરોળમાં કૌટુંબિક કાકાનું ભત્રીજી પર દુષ્કર્મ

## ખોટા દસ્તાવેજોથી લગ્ન કરી ગર્ભપાત કરાવ્યો, ફોટા વાઈરલ કરવાની ધમકી આપી શોષણ કર્યું; આરોપીની ધરપકડ

જૂનાગઢ

જૂનાગઢ જિલ્લાના માંગરોળ પંથકમાંથી માનવતા અને પવિત્ર સંબંધોને કલંકિત કરતો એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેમાં કૌટુંબિક કાકાએ જ પોતાની ભત્રીજી પર દુષ્કર્મ આચર્યું અને ગર્ભવતી બનાવી હતી. એટલું જ નહીં આરોપીએ ભત્રીજીના નગ્ન ફોટા વાઈરલ કરવાની ધમકી આપી અવારનવાર શારીરિક શોષણ કર્યું હતું. આ ઉપરાંત આરોપી પરિણીત હોવા છતાં ખોટા દસ્તાવેજો બનાવી પીડિતા સાથે લગ્ન પણ કર્યા અને ગર્ભપાત પણ કરાવ્યો હતો. આખરે કૌટુંબિક કાકાના ત્રાસથી કંટાળીને પીડિતાએ ફરિયાદ નોંધાવતા પોલીસ ગણતરીના કલાકોમાં આરોપીને ઝડપી પાડ્યો છે.મળતી માહિતી અનુસાર, પીડિતાની વાડી નજીક જ તેના કૌટુંબિક કાકા રહેતા હતા. લોહીના સંબંધ હોવા છતાં આ આરોપીની નજર પોતાની ભત્રીજી પર બગડી હતી. તેણે એકાંતનો લાભ લઈને યુવતીને ડરાવી ધમકાવી તેની સાથે બળજબરીથી શારીરિક સંબંધ બાંધ્યા હતા. આટલેથી ન અટકતા આરોપીએ યુવતીના નગ્ન ફોટા પાડી લીધા હતા અને ધમકી આપી હતી કે જો તે કોઈને કંઈ કહેશે તો આ ફોટા સોશિયલ મીડિયામાં વાઈરલ કરી દેશે. આ ધમકીના ઓથાર હેઠળ યુવતી લાંબા સમય સુધી મૌન રહી અને આરોપી કાકા તેને પોતાનો શિકાર બનાવતા રહ્યા.આ કેસમાં સૌથી આઘાતજનક વાત એ છે કે, આરોપી પહેલેથી જ પરિણી અને સંતાનવાળો હતો. તેમ છતાં તેણે યુવતીને પોતાની જાળમાં ફસાવી રાખવા માટે ખોટા દસ્તાવેજો તૈયાર કરાવ્યા હતા અને કાયદા અને સમાજની આંખમાં ધૂળ નાખી આરોપીએ કૌટુંબિક ભત્રીજી સાથે લગ્ન પણ કરી દીધા હતા. લગ્ન બાદ પણ તે સતત તેનું શોષણ કરતો રહ્યો હતો. આખરે કૌટંબિક કાકાના ત્રાસથી કંટાળીને પીડિતાએ હિંમત ભેગી કરી માંગરોળ પોલીસ સ્ટેશનના દ્વાર ખખડાવ્યા હતા. માંગરોળ ડીવાયએસપી દિનેશ કોડીયાતરના જણાવ્યા અનુસાર, ગઈકાલે ફરિયાદ નોંધાતા જ પોલીસે ગુનાની ગંભીરતા સમજી અલગ અલગ કલમો હેઠળ ગુનો દાખલ કર્યો હતો. માંગરોળ પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી ગણતરીની કલાકોમાં જ આરોપી કાકાને દબોચી લીધો છે.

### પીડિતાને બે માસનો ગર્ભ રહી જતાં બળજબરીથી ગર્ભપાત કરાવ્યો

આરોપીના આ કૃત્યને કારણે આજથી ચાર વર્ષ પહેલાં પીડિતાને બે માસનો ગર્ભ રહી ગયો હતો. જ્યારે આરોપીને આ વાતની જાણ થઈ ત્યારે તેણે પોતાનું પાપ છુપાવવા યુવતી પર દબાણ કર્યુ અને કોઈને કહ્યા વગર બળજબરીથી તેનું એબોર્શન (ગર્ભપાત) કરાવી નાખ્યું હતું. આ ઘટના બાદ યુવતી માનસિક રીતે ભાંગી પડી હતી, પરંતુ ફોટો વાઈરલ થવાના ડરે તેણે અત્યાર સુધી ફરિયાદ કરી શકી નહોતી.